# કાળઝાળ ગરમીમાં ખેડૂતો ખેતરમાં : સાબરકાંઠા, અરવલ્લીમાં ૩૬,૦૦૦ હેક્ટર વાવેતર

## કોરોનાનો કપરો કાળ, ઉંડે જતાં ભૂગર્ભ જળ અને મજૂરોની અછતથી વાવેતર ધીમું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઉનાળાની વર્તમાન સીઝનમાં અત્યાર સુધીમાં ૩૬,૩૨૭ હેક્ટર વાવણી થઈ છે. ગ્રામ્ય વિસ્તારોમાં ઉંડે જતા ભૂગર્ભ જળની સ્થિતિ કોરોના કાળ અને ખેતમજૂરોની અછતના કારણે વાવેતર ધીમી ગતિએ આગળ વધી રહ્યું છે. બંન્ને જિલ્લામાં ખેડૂતોએ બાજરી, મકાઈ, મગ, મગફળી, તલ, શાકભાજી અને ઘાસચારાનું વાવેતર કર્યાનું ખેતી સૂત્રો જણાવી રહ્યા છે.

ખેતી આધારીત જિલ્લામાં ઘરઆંગણે રોજગારી મળે તેવી વિપુલ તકોનો અભાવ પ્રવર્તિ રહ્યો છે. ખેડૂતો રાત-દિવસ ખેતરોમાં કાળી મજૂરી કરતા હોવા છતાં નિલગાય તેમજ ભૂંડના ભેલાણથી ખેડૂતોને પાક ઉપજમાં નુક્સાન સહન કરવું પડતું હોય છે. છેલ્લા કેટલાક વર્ષોથી પાક ઉપજના પોષણક્ષમ ભાવો ખેડૂતોને મળતા ન હોવાથી અસંખ્ય ખેડૂતો ખેતીના બદલે અન્ય વ્યવસાય તરફ વળ્યા છે. જિલ્લામાં ખેતીનો મુખ્ય આધાર ચોમાસા ઉપર નિર્ભર રહેતો આવ્યો છે પરંતુ ગત ચોમાસામાં અતિવૃષ્ટીના કારણે ખેડૂતોને પાક ઉત્પાદનથી હાથ ધોવાનો વારો આવ્યો હતો જો કે ત્યારબાદની સીઝનમાં ખેડૂતોએ ખેતી ક્ષેત્રે હવામાનની વિષમ પરિસ્થિતિ વચ્ચે પણ ખેતીમાં નસીબ અજમાવ્યા પછી હવે ઉનાળુ સીઝનમાં ખેડૂતોએ વાવણીમાં ધ્યાન કેન્દ્રીત કર્યું. શરૂઆતમાં હવામાને વિષમ સ્થિતિ ઉભી કરી હતી જેમાં કેટલાક વિસ્તારોમાં કમોસમી માવઠું



વરસતાં ખેડૂતોએ ઉનાળુ ખેતીમાં રાહ જુઓની નીતિ અપનાવી હતી. વર્તમાન ખેતીની સીઝનમાં એક તરફ કોરોનાનો કપરો કાળ, ઉંડે જતા ભૂગર્ભ જળ અને ખેતમજૂરોની અછતના કારણે ઉનાળુ વાવણી કાચબા ગતિએ ચાલી રહી છે. જેમાં સાબરકાંઠા જિલ્લામાં અત્યાર સુધીમાં ખેડૂતોએ ૨૧,૬૪૯ હેક્ટર જમીનમાં વાવણી કરી છે તો અરવલ્લી જિલ્લામાં ૧૪,૬૭૮ હેક્ટર જમીનમાં ઉનાળુ વાવેતર થયાનું ખેતી સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. જિલ્લામાં આગામી સમયમાં ઉનાળુ સીઝનના વાવેતર વિસ્તારમાં વધારો થવાની સંભાવના છે. પરંતુ હાલ અસંખ્ય ખેડૂતો સિંચાઈના પાણીની સમસ્યાના કારણે બાગાયતી પાકો તરફ આકર્ષાયા છે.

# ધોલેશ્વર પીકઅપ સ્ટેન્ડની છત ગાયબ, કાળઝાળ ગરમીમાં મુસાફરો લીમડાના છાંયડે

## મુસાફરોની સગવડ પબ્લિસીટી સ્ટેન્ડમાં ફેરવાઈ

બાયડ / માલપુર, તા.૦૮

માલપુર તાલુકાના ધોલેશ્વર પીકઅપ સ્ટેન્ડની છત પાછલા ૨ વર્ષથી ગાયબ થઈ છે. કાળઝાળ ગરમીમાં મુસાફરો પીકઅપ સ્ટેન્ડના બદલે લીમડાના છાંયડે આશરો લઈ રહ્યા છે. જ્યારે મુસાફરોની સગવડ માટે તૈયાર કરવામાં આવેલું પીકઅપ સ્ટેન્ડ જાણે કે પબ્લિસીટી સ્ટેન્ડમાં ફેરવાઈ ગયું હોય તેવું દેખાઈ રહ્યું છે. વાહનની રાહ જોતા મુસાફરો ઉનાળામાં નજીકના વૃક્ષના છાંયડે ઉભા રહી શકે છે પરંતુ ચોમાસામાં મુસાફરો મુશ્કેલીમાં મૂકાતા હોવા છતાં જવાબદાર તંત્ર પીકઅપ સ્ટેન્ડની છત લગાવવામાં નિષ્ફળ રહ્યું છે.




હાઈવે માર્ગ ઉપર મુસાફરોની સગવડ માટે માતબર ખર્ચે બનાવાયેલાં પીકઅપ સ્ટેન્ડ જર્જરીત અવસ્થામાં સરી પડ્યાં છે. કેટલાક વિસ્તારોમાં માત્ર રંગરોગાન અને જાહેરાતો ચિતરી પીકઅપ સ્ટેન્ડને નવા વાઘા પહેરાવી દેવામાં આવતા હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. મોડાસા-મેઘરજ હાઈવે માર્ગ ઉપર ધોલેશ્વર ગામના પીકઅપ સ્ટેન્ડ છેલ્લા કેટલાય સમયથી જર્જરીત હાલતમાં ફેરવાઈ જતાં નવું પીકઅપ સ્ટેન્ડ બનાવવાની તાતી જરૂરીયાત ઉભી થઈ છે પરંતુ હમણાંથી પીકઅપ સ્ટેન્ડ ઉપર જાહેરાતો ચિતરી દઈ રંગરોગાન કરવામાં તો આવ્યું પરંતુ ઉપરની છત ગાયબ હોવાથી અસહ્ય ગરમીમાં મુસાફરોએ પીકઅપ સ્ટેન્ડમાં ઉભા રહેવું હોય તો પણ ન ઉભા રહી શકે તેવી હાલત છે. પીકઅપ સ્ટેન્ડની છત ન હોવાથી વાહનની રાહ જોતા મુસાફરો અને વિદ્યાર્થીઓ પીકઅપ સ્ટેન્ડ નજીકના લીમડાના છાંયડે ઉભા રહી વાહનની રાહ જોતા હોય છે. છેલ્લા કેટલાય સમયથી પીકઅપ સ્ટેન્ડનું રણીધણી ન હોય અને માત્ર ને માત્ર મુસાફરોની સગવડ માટેનું સ્ટેન્ડ પબ્લિસીટી માટે જ તૈયાર કરવામાં આવ્યું હોય તેવું જણાઈ રહ્યું છે.

# ઈડરના માથાસૂરમાં લગ્નનો મેળાવડો, ટોળાં એકત્ર થતાં બે જણ સામે ફરિયાદ

## કોરોનાનું સંક્રમણ વધવાના ભય સાથે ઈડર પોલીસે ગુનો નોંધ્યો

ઈડર / બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

ઈડર તાલુકાના માથાસૂરમાં પટેલ પરિવારના ત્યાં લગ્ન પ્રસંગે રાસ-ગરબાનું આયોજન હતું જેમાં જાણીતા ગાયિકા કાજલ મહેરીયા ઉપસ્થિત રહેતાં ટોળાં એકત્ર થયાં અને કોઈએ તંત્રનો જાણ કરતાં ઈડર પોલીસે કોરોનાનું સંક્રમણ ફેલાય તે પ્રકારની પ્રવૃત્તિ કરનાર બે ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



પોલીસ સૂત્રોએ આપેલી જાણકારી અનુસાર હાલ કોરોના વાયરસને નિયંત્રણમાં લેવા માટે કેટલાક પ્રતિબંધ મૂકવામાં આવ્યા છે. ત્યારે ઈડરના માથાસૂર ગામે પટેલ પરિવારના ત્યાં લગ્ન હતા જેમાં લોકગાયિકા કાજલ મહેરીયાનો સંગીત રાસ-ગરબાનો કાર્યક્રમ ખુલ્લા ખેતરમાં બાંધવામાં આવેલા મંડપમાં યોજાયો જેમાં ૧૦૦ થી વધુ જનમેદની એકત્ર કરી મેળાવડો કર્યાનું ધ્યાનમાં આવ્યા પછી કોરોનાની ગાઈડલાઈનનું ઉલ્લંઘન થયું હોવાનું બહાર આવતાં પટેલ પરિવાર સામે જાહેરનામાના ભંગ બદલનો ગુનો નોંધી પોલીસે તપાસ હાથ ધરી છે.

# બડોલી પ્રમુખસ્વામી લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવી

નેત્રામલી, તા. ૮

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર પ્રેરિત પ્રમુખસ્વામી લોક વિજ્ઞાન કેન્દ્ર, 'બડોલી




ખાતે વિશ્વ આરોગ્ય દિવસ' ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુખ્ય મહેમાન તરીકે ડોક્ટર રાજેશભાઈ પટેલ મેડિકલ ઓફિસર નવા રેવાસ, તથા ડોક્ટર સીમાબેન મેમણ સી.એચ.ઓ તથા કમળા બેનપટેલ, ફિમેલ હેલ્થ સુપરવાઈઝર તથા ઈડર તાલુકા પંચાયત સદસ્ય કિરણબેન પટેલ હાજર રહ્યા હતા., સંપૂર્ણ કાર્યક્રમ સરકાર શ્રી ની ગાઈડ લાઈન પ્રમાણે આયોજન કરવામાં આવ્યું.વિશ્વ આરોગ્ય દિવસ ની ઉજવણી નિમિત્તે ડોક્ટર રાજેશભાઈ પટેલે જણાવ્યું કે વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવે છે અને આ મહામારી માં લોકોને હેલ્થની કેટલી અગત્યતા છે તે સમજાવ્યું, સાથે-સાથે અત્યારના સમયમાં બાળકો, યુવાનો, વડીલો પોતાના શરીરની તંદુરસ્તા માટે કેટલા જાગૃત થયા તે પણ સમજાવ્યું, અને આ મહામારી માં જેની રોગ પ્રતિકારક શક્તિ વધારે હતી એ લોકો આ મહામારી થી બચી શક્યા છે પણ તેનો અર્થ એવો નથી કે આપણે આ ધ્યાન ન રાખવું, બીજું રસી કેમ લેવી ચાહે તે કોઈ પણ રોગની હોય તે પણ સવિશેષ સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો ,બીજું સાથે સાથે એ ,કે ,જોષી દ્વારા પણ આરોગ્યનું શું મહત્વ છે તે વિશે સમજાવ્યું હતું સમગ્ર કાર્યક્રમનું આયોજન સંવાહક દિપકભાઈ પટેલ, મોહનભાઈ પાંડોર તથા પ્રોગ્રામ ઓફિસર અનિલભાઈ પંચાલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ધનસુરામાં ટીડીઓ તલાટી ટીમ દ્વારા નગરમાં માસ્ક ન પહેરનાર વેપારીઓને દંડ ફટકારાયો



ધનસુરા, તા. ૮

ધનસુરામાં ટીડીઓ, તલાટી, ગ્રામ પંચાયત સ્ટાફ પોલીસ સહિત ટીમ દ્વારા નગરમાં માસ્ક ન પહેરનાર ને દંડ કરવામાં આવ્યો હતો ટીમ ધ્વારા ડોર ટુ ડોર ફરીને ચેકિંગ કરવામાં આવ્યું હતું ધનસુરા બજાર સહિત ના વિસ્તારોમાં ચેકિંગ કરાયુ હતુ હાલમાં કોરોના સંક્રમણ વધી રહ્યું છે એવામાં સંક્રમણ વધુ ન થાય એ માટે સમગ્ર ટીમ દ્વારા ગામમાં ફરી લોકોને માસ્ક ન પહેરનાર ને સમજાવવા માં આવ્યા હતા.

# નસુરા તાલુકામાં ૧૭૦૦૦થી વધુ લોકોનું રસીકરણ



ધનસુરા, તા. ૮

ધનસુરા તાલુકા માં ૧૭૦૦૦ થી વધુ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું છે તાલુકાના પીએચસી અને સીએચસી કેન્દ્રો પર રસીકરણ કરવામાં આવી રહ્યું છે જેમાં અત્યાર સુધી ૧૭૦૦૦ થી વધુ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું છે ૬૦ થી ઉપર ના ૫૦૦૦ અને ૪૫ થી ૬૦ વર્ષ ના,૧૨૦૦૦ લોકો નું રસીકરણ કરવામાં આવ્યું છે

**અરવલ્લીમાં આંકડાની માયાજાળ**

# મોડાસા અર્બન હેલ્થકેરમાં અઢી કલાકમાં ૫૦ લોકોના એન્ટીજન ટેસ્ટ પોઝેટીવ : તંત્રની પોલ છતી થઈ

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લામાં કોરોના નું સંક્રમણ સતત વધી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. મોડાસા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે અઢી કલાકમાં ૫૦ જેટલા કોરોના રેપિડ ટેસ્ટ પોઝિટિવ આવ્યા છે. સવાર અને સાંજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રેપિડ ટેસ્ટ ની કામગીરી કરવામાં આવતી હોય છે, જ્યાં એક જ દિવસમાં માત્ર અઢી કલાકમાં ૫૦ જેટલા લોકો કોરોના સંક્રમિત થયા હોવાની વિગતો પ્રાપ્ત થઈ છે. આ સાથે જ છેલ્લા એક સપ્તાહમાં ૧૮૫ જેટલા લોકો નો કોરોના રેપિડ ટેસ્ટ પોઝિટિવ આવ્યો હોવાની પણ માહિતી મળી છે.

જિલ્લામાં કોરોનાના સતત વધી રહેલા સંક્રમણ વચ્ચે વેક્સિનેશન ની કામગીરી પણ ચાલી રહી છે તો બીજી




બાજુ સામાન્ય શરદી, ખાંસી તેમજ તાવ ના લક્ષણો ધરાવતા લોકો રેપિડ ટેસ્ટ કરાવી રહ્યા છે. આ માટે મોડાસા અર્બન હેલ્થ સેન્ટર ખાતે રેપિડ ટેસ્ટ ની કામગીરી શરૂ કરવામાં આવી છે જ્યાં વહેલી સવારે એટલે કે સવારે ૧૦ થી ૧૨.૩૦ કલાક સુધી દર્દીઓ માટે રેપિડ ટેસ્ટ કરાવવાની વ્યવસ્થા કરાઈ છે, જ્યાં ગુરૂવારના રોજ અઢી કલાકમાં ૫૦ લોકોના રેપિડ ટેસ્ટ પોઝિટિવ આવ્યા હોવાની વિગતો પ્રાપ્ત થઈ છે.




# ઉનાળો આકરો થયો ધનસુરામાં ૪૨ ડીગ્રી ગરમી

ઉનાળો શરુ થયો છે ત્યારે ગરમી નો પારો વધી રહ્યો છે ગરમી નો પારો વધતા લોકો અવર જવર ઓછી કરી રહ્યા છે રસ્તા સૂમ સામ દેખાય છે ધનસુરા માં ગરમી નો પારો ૪૪ ડીગ્રીએ પહોચ્યો હતો જેને લઈ ને રોડ અને બજાર માં લોકો જોવા મળતા ન હતા બપોર થતાં લોકો ઘરની બહાર બહુ ઓછા નીકળતા હોય છે ગરમી ને લઈ લોકો ઠંડા પીણા અને શરબત જેવી વસ્તુઓ પીને રાહત મેળવે છે ગરમી ના લીધે રોડ પર વાહનોની અવર જવર ઓછી જોવા મળી રહી હતી. ગરમીથી બચવા માટે લોકો શેરડી નો રસ અને કેરી નો જ્યુસ સહિત ઠંડા પીણા નો સહારો લઈ રહ્યા છે. ત્યારે લોકો એ ગરમી માં પાણી નું સેવન વધુ કરવું જોઈએ. અને કામ સિવાય ઘર ની બહાર જવાનું ટાળવું જોઈએ.

# બાગાયતદાર ખેડુતો સહાય મેળવવા ૧૫ મે સુધી I-khedut Portal પર અરજી કરી શકશે

ધનસુરા,

ધનસુરામાં બાગાયતદાર ખેડુતો સહાય મેળવવા ૧૫ મે સુધી I-khedut Portal પર અરજી કરી શકાશે નાણાકીય વર્ષ




૨૦૨૧-૨૨ માટે બાગાયત ખાતા દ્વારા ચાલતી વિવિધ સહાયલક્ષી યોજનાઓ માટે બાગાયતદાર ખેડુતોને સહાય આપવાના કાર્યક્રમ માં અરજી કરી શકાશે જેવા કે અતિ ઘનિષ્ઠ ખેતીથી વાવેલ ફળ પાકો, ઘનિષ્ઠ ખેતીથી વાવેલ ફળપાકો-આંબા, જામફળ, દાડમ, લીંબુ માટે,પપૈયા, ફળપાક પ્લાન્ટીંગ મટીરીયલ્સમાં સહાય, વધુ ખેતી ખર્ચવાળા ફળપાકો સિવાયના ફળપાકો, સ્ટ્રોબેરી, અન્ય સુગંધીત પાકો, કંદ ફુલો, છૂટા ફુલો, દાંડી ફુલો, આધુનિકીકરણ માટે, કોલ્ડ ચેઈન મેનેજમેન્ટ કાર્યક્રમ, કોલ્ડ્ રૂમ (સ્ટેગીંગ) (ક્ષમતા ૩૦ મે. ટન), પેકહાઉસ (૯ ટ ૬ ચો.મી.), રાઈપનીંગ ચેમ્બર (ક્ષમતા મહત્તમ ૩૦૦ મે.ટન) લાભાર્થીની ઓનલાઈન અરજી, ૭/૧૨ અને ૮-અ ની નકલ મળ્યા બાદ જ અત્રેથી મંજુરી આપવામાં આવશે. આ અરજીઓ નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, જિલ્લા સેવા સદન, સી-બ્લોક, સી/એસ/૧૦, મોડાસા, જિ. અરવલ્લી, ફોન નં. ૦૨૭૭૪-૨૫૦૧૯૫, પર ખેડુતો રજુ કરી શકાશે એમ નાયબ બાગાયત નિયામકશ્રી અરવલ્લીની એક અખબારી યાદી દ્વારા જણાવાયુ છે.

## જન્મદિને વધામણી



હેમંતભાઈ ચૌધરી
(સુપરવાઈઝર : સાબરડેરી, હિંમતનગર)
કોલીખડ, તા.મોડાસા



જુલ્ફીભાઈ મનવા
(સામાજીક કાર્યકર)
મોડાસા



નિર્મલ ચૌધરી
બાયડ



પ્રજ્ઞાબેન ભરતકુમાર પંચાલ
બાયડ(વડોદરા)



તારક પટેલ
બાયડ



રમેશભાઈ જે. નાયક
હિંમતનગર (અડપોદરા)



સંજય એસ. રાવળ
સરડોઈ, તા.મોડાસા



નીતાબેન વિશાલભાઈ પટેલ
મું.રૂપાલકંપા (ગાંભોઈ),
તા.હિંમતનગર.